## દૂધ માં થતી ભેળસેળ ના પરીક્ષણ માટે અત્યંત આધુનીક અને સરળ નેનોટેકનોલોજી ટેસ્ટ

કામધેનું યુનિવર્સીટી ની સ્થાપના ગુજરાત સરકાર દ્વારા ૨૦૦૯ માં કરવામાં આવેલ હતી અને તેની અંગભૂત કોલેજ તરીકે ડેરી સાયન્સ કોલેજ ની સ્થાપના વર્ષ ૨૦૧૦ માં કરવામાં આવેલ હતી.

ગુજરાત રાજ્ય ૧૧.૬૭ મિલિયન ટન દૂધ ઉત્પાદન સાથે ભારતમાં અગ્રણીય સ્થાન ધરાવે છે. ગુજરાત રાજ્યમાં પ્રતિ વ્યક્તિ, પ્રતિદિન દૂધ ઉપલબ્ધતા ૩૫૭ ગ્રામ છે. જે દેશ ની ૨૪૭ ગ્રામ પ્રતિ વ્યક્તિ પ્રતિદિન દૂધ ઉપલબ્ધતા કરતા ખુબ જ સારી છે. ગુજરાત ની અમુલ બ્રાન્ડ દુનિયા માં ખુબ વિશ્વનીય બ્રાન્ડ છે. પરંતુ દૂધમાં થતી ભેળસેળ ચિંતાનો વિષય છે જેને કારણે દૂધ અને તેના ઉત્પાદનો ની નિકાસમાં મોટો ફટકો પડે છે. કેન્દ્ર અને ગુજરાત સરકાર આ બાબતે ઘણા સમય થી ચિંતિત હતી. કામધેનું યુનિવર્સીટીના ડેરી વિજ્ઞાનના સંશોધનોએ તેનો યોગ્ય અને અસરકારક ઉપાય દર્શાવેલ છે.

ડેરી સાયન્સ કોલેજ, અમરેલીમાં નેનોટેકનોલોજીનો ઉપયોગ કરી નવા નવા સંશોધનો હાથ ધરવામાં આવી રહ્યા છે. ગુજરાત સરકારના નિર્દેશને ધ્યાનમાં લઈને દૂધમાં થતી વિવિધ ભેળસેળના ટેસ્ટીંગ માટે સરળ નવી પદ્ધતિઓ શોધવાનું કામ ડેરી સાયન્સ કોલેજ, કામધેનું યુનિવર્સીટી દ્વારા શરુ કરવામાં આવ્યું હતું. દૂધ માં ભેળસેળ કરતા કેટલાક તત્વો દ્વારા દૂધમાં ડીટરજન્ટ, યુરીયા, માલ્ટોડેક્સ્ટ્રાન જેવા નુકશાન કરતા રસાયણો ભેળવવામાં આવે છે જે મનુષ્ય ના સ્વાસ્થ્ય માટે ખુબજ હાનિકારક છે. તેને અટકાવવા માટે નવીન નેનોટેકનોલોજી આધારિત ટેસ્ટ કેજે ખુબ જ સરળ, ઝડપી અને સસ્તા દરે ઉપલબ્ધ થઈ શકે તેવા ટેસ્ટ કામધેનું યુનિવર્સીટી સૌ પ્રથમ વિકસાવવામાં આવ્યો છે.

આ ટેસ્ટ ખુબ સસ્તો હોવાના કારણે સામાન્ય માણસ પણ પોતાના ઘરે સરળતાથી દૂધમાં થતી ભેળસેળ ના ટેસ્ટ કરી શકશે અને ગ્રામ્ય કક્ષાએ દૂધ મંડળી પર તથા ડેરી ઉદ્યોગમાં પણ આ ટેસ્ટ કરી શકશે. આ ટેકનોલોજી માટે નિયમ મુજબ પેટન્ટ મળી ગયું છે.

આ પ્રકારના નેનોટેકનોલોજી આધારિત સરળ ટેસ્ટનું નિદર્શન ગાંધીનગર ખાતે ગુજરાત રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીને કામધેનું યુનિવર્સીટીના કુલપતિશ્રી તથા વૈજ્ઞાનિકો દ્વારા કરવામાં આવેલું હતું. આ સંશોધનની મદદ થી ગુજરાત માં અને દેશમાં દૂધ માં થતી ભેળસેળના દુષણથી મુક્તિ મળી શકશે તેવી આશા માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા વ્યક્ત કરવામાં આવી હતી.